

શહેરના બજારમાં અવનવી રાખડીઓનો ખજાનો

# શહેરમાં નિર્માણ પામતી અનોખી ફિલ્મ

## રાહ ભૂલેલા યુવાનોને ફિલ્મ થકી ગાંધી ચિંધ્યા માર્ગે ચાલતા કરવા છે : જગદીશ સોની

ગાંધીનગર, તા.૧૯

સમાજના ગેરમાર્ગે વળેલા યુવાનોને સહિષ્ણુતાનો સાચો રાહ દેખાડતા ગાંધીજીના સંદેશાને રૂપેરી પડદે ચરિતાર્થ કરતી સૌ પ્રથમ ગુજરાતી આર્ટ ફિલ્મ 'મારે ગાંધી બનવું છે'નું નિર્માણ નગરના જાણીતા ફિલ્મ પ્રોડયુસર-ડાયરેકટર જગદીશ સોની કરી રહ્યાં છે. સાદગી અને સેવાથી ભરપુર ગાંધીજીના જીવન ચરિત્રને આ ફિલ્મમાં એક અલગ જ દષ્ટિકોણથી પ્રસ્તુત કરવામાં આવશે.

'મારે ગાંધી બનવું છે' ફિલ્મના લેખક, દિગ્દર્શક અને નિર્માતા જગદીશ સોની પોતે જ છે, એટલું જ નહિ પણ કેમેરામેનની ભૂમિકા પણ તેઓ પોતે જ નિભાવવાના છે. જગદીશ સોનીના મતે આર્ટ ફિલ્મ હંમેશા સંદેશાત્મક હોય છે તેથી આ પ્રકારની ફિલ્મોમાં દિગદર્શક અને સ્ક્રીપ્ટ રાઈટર એક જ હોય તો તે ફિલ્મની અસરકારકતા વધી જાય છે. તાજેતરમાં જ ગુજરાતી કોમેડી ફિલ્મ 'ચોરના ભાઈ ઘંટી ચોર'નું શુટિંગ પૂર્ણ કર્યું છે અને તેને રિલીઝ કરવાની તૈયારીઓ ચાલુ છે. તેવા જ સમયે જગદીશ સોનીએ આ ફિલ્મના નિર્માણનું કાર્ય પણ હાથ ધરી દીધું છે. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વારંવાર વાંચીને ગાંધી મૂલ્યોથી પ્રભાવિત જગદીશ સોની કહે છે, 'ગાંધીજી પર આર્ટ ફિલ્મ બનાવવાનું સ્વપ્ન મારા મનમાં ઘણા સમયથી હતું, આ ફિલ્મ દ્વારા મારે રાહ ભૂલેલા યુવાનોને ગાંધીજીના આદર્શો થકી સાચો રાહ ચીંધવો છે.' આ ફિલ્મમાં માત્ર પાંચ પાત્રો છે. જેમાં ચાર પુરુષ અને એક મુકબધિર છોકરીનું પાત્ર છે. ફિલ્મમાં કોઈ એકશન નથી, કોઈ પાત્રને મેકઅપ નથી, માત્ર સ્ક્રીપ્ટના જોરે જ ફિલ્મ આગળ વધે છે. ફિલ્મમાં ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ રે...' સિવાય એક પણ ગીત નથી. ફિલ્મ તદ્દન વાસ્તવિક ચિત્ર ખડું કરે છે.

ફિલ્મમાં ગાંધીજીનું કોઈ પાત્ર દર્શાવાયું નથી છતાં આખી ફિલ્મમાં દરેક દશ્ય અને સંવાદોમાં ગાંધીબાપુનું નામ ઉપસી આવે છે. ગુજરાતી ફિલ્મ બનાવવી એ એક સાહસનું કામ છે એમાં પણ ગુજરાતી આર્ટ ફિલ્મ બનાવવી એટલે માત્ર અને માત્ર ગાંડપણ જ ગણાય છે. પરંતુ જગદીશ સોની કહે છે મારે યુવાધનને ગાંધી ચિંધ્યા માર્ગે ચાલવા પ્રેરિત કરવા છે માટે હું જોખમ ખેડી રહ્યો છું અને ફિલ્મનિર્માણનું મને નાનપણથી જ સપનું રહ્યું છે જે હું અત્યારે પુરું કરી રહ્યો છું.

પોતાના સોનીના પરંપરાગત વ્યવસાય સાથે વીક એન્ડના સમયનો ઉપયોગ જગદીશ સોની ફિલ્મ નિર્માણ માટે કરી રહ્યાં છે. આ ફિલ્મની પટકથા તેમણે જાતે લખી તેમાં તદ્દન વાસ્તવિક લાગે તે મુજબ પાત્રોની પસંદગી કરી છે. મેકઅપ, ગીત, એકશન વગર તેમણે ગુજરાતી આર્ટ ફિલ્મ બનાવવાનું ભગીરથ કાર્ય ઉપાડયું છે. જાણીતા કલાકાર શ્રીકાંત સોનીને તેઓ આ ફિલ્મ માટે સાઈન કરી ચુકયા છે પરંતુ ફિલ્મનું મુખ્ય પાત્ર તો નગરનો એક યુવા નાટય અદાકાર ભજવી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતી સિનેમા ઉદ્યોગમાં તદ્દન નવા પ્રકારની અર્વાચીન ગુજરાતી ફિલ્મો બનાવી ઘણા સાહસિક નિર્માતાઓ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને નવી દિશા તરફ લઈ જવા પ્રયત્ન કરી રહ્યાં છે ત્યારે જગદીશ સોનીનો આ પુરૂષાર્થ કેવો સફળ પુરવાર થશે તે તો આગામી સમય જ કહેશે.





**નગરના ફિલ્મ નિર્માતા-નિર્દેશક જગદીશ સોની પ્રથમ ગુજરાતી આર્ટ ફિલ્મ 'મારે ગાંધી બનવું છે'નું નિર્માણ કરી રહ્યા છે : કોઈ પણ એકશન-મેકઅપ-ગીતો વગરની આ ફિલ્મ માત્ર ગાંધી મૂલ્યોના સહારે જમાવટ કરશે**

## @ગાંધીનગર

● કલોલમાં પાટીદાર સમાજની રેલી સવારે ૯-૦૦ કલાકે યોજાશે અને મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે મોતીના હિંડોળા યોજાશે.

● સે-૩ રામેશ્વર મંદિર ખાતે ફળફળાદિના હિંડોળા યોજાશે.

● સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના નાયબ પોલીસ મહાનિરીક્ષક અમિતકુમાર વિશ્વકર્માને ૧૫મી ઓગષ્ટે રાષ્ટ્રપતિ મેડલ મળતા આજે સત્કાર સમારંભ યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ જયેશભાઈ દવેના નિવાસસ્થાન ૫૫/૮, ચ ટાઈપ સે-૨૮ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● શિવ મહિમ્ન પાઠ મહેશભાઈ ભટ્ટના નિવાસસ્થાને ૪૨/૩, છ ટાઈપ ગુરુકુળ સ્કુલની સામે રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● ભોળાનાથના શિવમહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના જેન્તીભાઈ જાનીના નિવાસસ્થાને ૨૫, વિરાટનગર ખાતે રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● લઘુરૂદ્રાભિષેક જયોતિન્દ્રભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૫૨૧, સે-૩-ડી ખાતે સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વાતવાતમાં

● નવા સચિવાલયના ગેટ નં. ૬ અને ૭નું રિનોવેશન ચાલે છે અને ગેટ નં. ૨ અને ૩ તો વીવીઆઈપી સાહેબો માટે અનામત છે. કર્મચારીઓ માટે વધ્યા માત્ર ગેટ નં. ૧ અને ૪ એટલે પીકઅવર્સમાં ટ્રાફિક જામના દશ્યો સામાન્ય બની રહ્યાં છે.

● ગણેશોત્સવને હજુ મહિનાની વાર છે પણ આયોજકોના ઉમંગની તો વાત જ શી કરવી? સે-૨, ૬, ૨૨ અને ૧૬ના સાર્વજનિક ગણેશોત્સવના આયોજકોએ અત્યારથી મિટીંગના દોર ચાલુ કરી દીધા છે.

● ધરમ કરતા ધાડ પડી તે આનું નામ!! ચ રોડ પર સે-૨ની નર્સરી પાસે સવારે એક મહાશય પોતાનું સ્કુટર ઉભું રાખી પત્નિએ ઘરેથી આપેલ રોટલી ગાયને ખવડાવતા હતા. ગાયને એક રોટલીથી સંતોષ ના થતા પેલા મહાશયની પાછળ પડી અને બંનેએ સ્કૂટરને ફરતા ત્રણ-ચાર આંટા માર્યા ત્યારે ગાયે પીછો છોડયો.

- સમીર રામી
9924446645

# ચ માર્ગ પર આડી ઉતરેલી ગાય સાથે કાર ટકરાઈ

## ગાયનું મૃત્યુ : કારમાં સવાર મહિલા ઘાયલ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૯

શહેરના ચ માર્ગ પરથી સે-૧૭ ખાતે ચ ટાઈપમાં રહેતા નાનજીભાઈ સુતરીયા કાર નં. જીજે-૧૮-એએચ ૬૫૪૨ લઈને પસાર થઈ રહ્યા હતાં. કારમાં તેમની પત્ની મધુબેન પણ બેઠા હતાં. સે-૨ સામે તેમની કાર પહોંચી ત્યાં રસ્તા વચ્ચે અચાનક ગાય આવી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગાયનું મૃત્યુ થયું હતું જયારે કારમાં સવાર મધુબેન ઘાયલ થતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતાં.



### ઘાયલ ગાય તરફડીયા મારતી રહી ને આખરે દમ તોડયો

ચ માર્ગ પર સર્જાયેલા અકસ્માત બાદ કારની ટકકરે ઘાયલ થયેલી ગાય લોહી લુહાણ હાલતમાં રસ્તા વચ્ચે તરફડીયા લગાવી રહી હતી તે દરમિયાન આસપાસના રહીશો તથા અવર વજર કરતા યુવાઓ ગાયને બચાવવાના પ્રયત્નમાં લાગી ગયા હતાં. અનેક પશુ હેલ્પલાઈનના નંબરો જોડયા પરંતુ એક પણ હેલ્પલાઈનનો સંપર્ક થઈ શકયો ન હતો તે જ સમયે સરકારમાં ઉચ્ચ હોદ્દા પર બેસેલા બે અધિકારીઓની ગાડી ત્યાંથી પસાર થઈ પરંતુ શું થયું છે તે બાબતની જાણ દરકાર ન લીધી...! જો તેટલી દરકાર લઈને બંને અધિકારીઓ ક્ષણભર ઉભા રહ્યા હોત અને વગ વાપરીને કોઈને ગાય બચાવવાના ઓર્ડર કરી પશુ હેલ્પલાઈનનો સંપર્ક કરવા કહ્યું હોત તો કદાચ ગાયને સારવાર મળી શકી હોત...!

## રાજભવન પરિવાર દ્વારા આયોજીત ફૂટબોલ ટુર્નામેન્ટની વિજેતા ટીમને ટ્રોફી એનાયત

ગાંધીનગર, તા.૧૯

રાજભવન પરિવાર દ્વારા ગાંધીનગરમાં આયોજિત ફૂટબોલ ટુર્નામેન્ટમાં આજે રમાયેલી ફાઈનલ મેચમાં વિજયી થયેલ બ્લેક ફોકસ ટીમને ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ 'વિનર્સ ટ્રોફી' એનાયત કરી હતી. જયારે બીજા સ્થાને રહેલી ટીમને 'રનર્સ અપ' ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંબોધન કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે રાજભવન પરિવાર દ્વારા યોજાતી રમતગમત સ્પર્ધાઓ આવકારદાયક છે. આવી પ્રતિયોગિતાઓ ખેલાડીઓમાં ખેલદિલી અને સકારાત્મક ભાવના પેદા કરે છે. જેનાથી વ્યકિતત્વના વિકાસને વેગ મળે છે અને સાથે સાથે બંધુત્વભાવ વધુ દઢ બને છે.

અગ્રસચિવ શ્રી અરવિંદ જોષીએ જણાવ્યું હતું કે રાજભવનના અધિકારી, કર્મચારી અને તેમના પરિવારના સભ્યો દ્વારા ખેલકુદ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું અવાર નવાર આયોજન કરવામાં આવે છે, જે અધિકારી-કર્મચારીઓમાં રહેલ સકારાત્મક શકિતઓને ઉજાગરમાં ઉપયોગ સિધ્ધ થશે.

ચિલ્ડ્રન યુનિવર્સિટીના મેદાન ખાતે ૧૭મી ઓગષ્ટથી શરૂ થયેલ આ ટુર્નામેન્ટમાં ચાર ટીમોએ ભાગ લીધો હતો.જેમાં આજે અંતિમ દિવસે લેફ. સત્યમ દુબેની નેતૃત્વવાળી બ્લેક ફોકસ ટીમે શ્રી નવનીત શર્માની નેતૃત્વવાળી બ્લેક પેન્થર ટીમને ત્રણ ગોલથી પરાજય આપ્યો હતો.

આ પ્રસંગે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ શ્રી દિવ્યાંશુ દવે, રાજયપાલશ્રીના ગૃહનિયામકશ્રી બકુલ જાની, રાજયપાલશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી ભારદ્વાજ, સેકશન અધિકારી શ્રી ડી.પી. શાહ, હાઉસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી પ્રદિપસિંહ જાડેજા તથા ફુટબોલ ટુર્નામેન્ટ આયોજિત કરનાર શ્રી દિપકભાઈ મકવાણા, શ્રી કરણ પરમાર અને શ્રી ચંદ્રકાંત કનોજીયા તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા રાજભવન પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## રાંધેજામાં ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા.૧૯

પવિત્ર શ્રાવણ માસમાં ગાંધીનગર નજીક આવેલ રાંધેજા ગામ ખાતે વેરાઈ ભજન મંડળ દ્વારા ભાગવતકથાનું આયોજન આગામી તા. ૨૧ થી ૨૭ ઓગષ્ટ ૨૦૧૫ દરમિયાન કરવામાં આવ્યું છે. જાગેશ્વર મહાદેવની વાડીમાં યોજાનાર ભાગવત કથા ભરતભાઈ રાવલની વ્યાસપીઠે યોજાશે. તા. ૨૦ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ સાંજે ૪-૦૦ કલાકે પોથીયાત્રા નીકળશે જયારે કથા સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ કલાકનો રહેશે. પોથીયાત્રા અને કથાપાનનો લાભ લેવા સૌ ભાવિ ભકતોને અનુરોધ કરવામાં આવે છે.

## ડભોડાની હાઈસ્કૂલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૯

ડભોડા ગામની એમ.એચ. વિદ્યામંદિર ખાતે ૬૯માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. કેળવણી મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલના હસ્તે ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. દિનેશભાઈ પટેલે પ્રવચન દ્વારા સરકારની યોજનાઓ વિશેની માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયા હતા. જેમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ગામના સરપંચ અને હનુમાનજી મંદિરના ટ્રસ્ટી હીરાભાઈ પટેલે બાળકોને ઈનામ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગીતાબેન પટેલ તથા હરેશભાઈ ખાચરે કર્યું હતું.

## ડોક્ટર પોણો કલાક મોડા આવતા દર્દીના મૃત્યુનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલી ગોકુળપુરા ગામ પાસે રહેતી મહિલાને છાતીમાં દુઃખાવો ઉપડતાં પરિવારજનોએ ડૉક્ટરને બોલાવ્યા પરંતુ ડૉક્ટર ૧૦-૨૦ મિનિટ નહિં પરંતુ પોણો કલાક મોડા દર્દી પાસે આવતા તેણીનું રિબાઈ-રિબાઈને પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. ડૉક્ટરની બેદરકારીને કારણે મૃત્યુ થયુ હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ ડૉક્ટર સામે ગુનો દાખલ કરવાની માંગ કરી આખી રાત મૃતદેહ સ્વીકાર્યો ન હતો.

મળતી માહિતી મુજબ ગાંધીનગર પાસેના ગોકુળપુરા ગામ નજીક રહેતા ૨૬ વર્ષિય રાધાબેન જોગીન્દરસિંગ રાજપુતને ગઈકાલે જમ્યા પછી ચક્કર આવવાનું અને છાતીમાં દુઃખાવો શરૂ થઈ ગયો હતો. ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈને ઘરે ગયા બાદ બપોર પછી ફરી હૂમલો ઉપડતા તેણીની ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાઈ હતી. દવા લીધા બાદ રાહત પણ થઈ હતી અને વોર્ડમાં રાધાબેનને દાખલ કરવામાં આવી હતી. સાંજે ફરીવાર છાતીમાં દુઃખાવો ઉપડતા પરિવારજનો ડૉક્ટરને બોલાવવા ગયા પરંતુ ડૉક્ટર પોણો કલાક સુધી આવ્યા જ નહી. તેટલામાં રાધાબેનનું મૃત્યુ થઈ ગયું હતું. પરિવારજનોએ મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરીને ડૉક્ટર સામે ગુનો દાખલ કરવા માંગ કરી હતી. અંતે સવારે પોસ્ટમોર્ટમ બાદ પરિવારજનોએ મૃતદેહ સ્વિકાર્યો હતો. સેક્ટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## સેકટર-૪માં કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૪ના બગીચા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં પેરા લિગલ વોલન્ટીયર સુધીર



દેસાઈએ મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સિટિઝન્સ એકટ ૨૦૦૭ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. જયરામ સોનીએ સિનિયર સિટીઝનોને પ્રાપ્ત થતા વિવિધ લાભો વિશે સમજણ પૂરી પાડી હતી જયારે સીતારામ પટેલે કાયદાનું અધ્યાત્મની રીતે જ્ઞાન આપ્યું હતું.

આ શિબિરો કાયદાની ઘનિષ્ટ તાલીમ પામેલા સ્વયંસેવકો દ્વારા સામાન્ય જનતાને દેશના પ્રવર્તમાન કાયદાઓની જાણકારી આપવાના હેતુથી કરવામાં આવતી હોય છે. શિબિરમાં મહેમાનપદે આર.આર. પટેલ, દિનેશભાઈ દવે, વિમળાબેન અયાચી તેમજ જીગીશાબેન ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં.

## વૈષ્ણવ સમાજ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા આગામી તા. ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૯-૦૦ કલાકે સે-૨૧ હવેલી મંદિર ખાતે ચિત્ર સ્પર્ધા યોજાશે.

જન્માષ્ટમી નિમિત્તે વૈષ્ણવ સમાજના બાળકો માટે ચિત્ર રંગપૂર્ણ હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉંમર વર્ષ ૫થી ૮, ૯ થી ૧૪, ૧૫ થી ૨૫ ના જુદા જુદા ગ્રુપ આધારે હરિફાઈ યોજાશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સમાજના બાળકોને કાર્યાલય ખાતેથી ફોર્મ મળી શકશે. તા. ૨ સપ્ટેમ્બર સાંજના ૬-૦૦ કલાક સુધીમાં ફોર્મ ભરીને પરત કરવા જણાવાયું છે.

## રોટરી કલબ દ્વારા ચેસ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની રોટરી કલબ દ્વારા ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તા. ૩૦મી ઓગષ્ટ રવિવારે સવારે ૮.૩૦ વાગ્યાથી સચિવાલય કેન્ટીન ખાતે યોજાશે. આ પ્રસંગે પ્રમુખ મનોજકુમાર સરૈયા સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. સ્પર્ધાના આયોજનમાં એન.એમ. સ્પોર્ટસનો સહકાર સંસ્થાને પ્રાપ્ત થયો છે.

# શહેરના બજારમાં અવનવી રાખડીઓનો ખજાનો

## ૧૦ રૂ.થી લઈને ૧૦૦૦ રૂ. સુધીની રાખડીઓ બજારમાં વેચાઈ રહી છે : દુકાનો પર ભારે ભીડ

ગાંધીનગર, તા.૧૯

રક્ષાબંધન પર્વ એ ભારતીય સંસ્કૃતિનું અજોડ પર્વ છે. વિશ્વમાં અનેક 'ડે' અને તહેવાર ઉજવાય છે. પરંતુ ભાઈ-બહેનના પ્રેમના પ્રતિક સમાન આ પર્વ અનોખો છે. રક્ષાબંધનમાં બહેન પોતાના ભાઈના હાથે રાખડી બાંધી ભાઈના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે. આ પર્વને નાના મોટા સૌ સાથે મળીને આનંદ ઉલ્લાસથી ઉજવે છે. આ તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બજારમાં સુખડ, ચંદન, ડાયમંડ, રૂદ્રાક્ષ સહિત નાના બાળકો માટેની અવનવી કાર્ટુનની રાખડીઓએ બજારમાં આકર્ષણ જમાવ્યું છે. જેમાં અત્યારે મોટુ-પતલુ, ડોરેમોન, છોટા ભીમ જેવી રાખડીઓ બજારમાં બાળકોમાં ખુબ લોકપ્રિય બની છે. બજારમાં અવનવી ફેન્સી રાખડીઓ રૂ. ૧૦ થી રૂ. ૧૧૦૦ સુધીની મળે છે. પરંતુ રૂ. ૪૦ થી ૫૦ની રેન્જની રાખડીઓ સૌથી વધુ મહિલાઓ ખરીદે છે.



રક્ષાબંધન એ હિંદુ સંસ્કૃતિ મુજબ મહાભારતના સમયથી ચાલી આવતો તહેવાર છે. જે ભારતીય સંસ્કૃતિમાં અનોખો મહિમા ધરાવે છે. બહેન ભાઈને રાખડીના તાંતણે બાંધી રક્ષા કરવાનું વચન માંગે છે. રાખડી બંધાવી ભાઈ પણ બહેનને આજીવન રક્ષા કરવાનું વચન આપી હરહંમેશ રક્ષા કરે છે. ભાઈ-બહેનના ઉત્સવના આ અનોખા પર્વે દર વર્ષની જેમ બજારોમાં રાખડીઓ આકર્ષણ જમાવી રહી છે ત્યારે બહેનો પણ બજારોમાં અવનવી રાખડીઓ ખરીદવા ઉમટી પડે છે ત્યારે શહેરના સે-૬, ૭, ૨૧ અને સે-૨૪ સહિતના સ્થળે રાખડીનું વેચાણ શરૂ થઈ ગયું છે. આ વર્ષે બજારમાં અવનવી રાખડીઓએ ભારે આકર્ષણ જમાવ્યું છે. સે-૬ના રાખડી બજારમાં રૂ. ૧૦થી લઈ રૂ. ૧૧૦૦ સુધીની રાખડી ઉપલબ્ધ છે. વિવિધ પ્રકારની રાખડીઓ જેવી કે કલકત્તી, રૂદ્રાક્ષ, સુખડ, ચંદન, ડાયમંડ જેવી ફેન્સી રાખડીઓ બજારમાં જોવા મળી રહી છે. જેમાં એ.ડી. પોલીશ, કુન્દન, ભાઈ-ભાભીની જોડીનું સૌથી વધુ વેચાણ થાય છે. આ રાખડીનું રૂ. ૨૦૦થી ૫૦૦ સુધીમાં વેચાણ થાય છે. આ રાખડીની વિશેષતા એ છે કે તેની ચમક હેવી ડાયમંડ જેવી હોવાથી ઝાંખી થતી નથી જયારે કુન્દનની રાખડી ટ્રેડીશનલ લુકમાં જોવા મળે છે. જયારે ભાઈની સાથે સાથે હવે બજારમાં ભાભી માટે પણ અનોખી લુમ્બા રાખડી બજારમાં આવી છે. નાના ભૂલકાંઓ માટે આ વર્ષે થ્રીડી, લાઈટ/મ્યુઝીક, ટેડી બીયર, ગણેશ, સુપરમેન, ડોરેમોન, સ્પાઈડરમેન સહિત છોટાભીમ અને મોટુ-પતલુ રાખડી બાળકોની પ્રિય બની છે. બાળકોની અવનવી રાખડી રૂ. ૫૦થી ૧૦૦ સુધીમાં મળી રહે છે. રાખડી બજારમાં આ વર્ષે માત્ર નજીવો ભાવ વધારો છે. જયારે નાના ગોટાની રાખડીનું સ્થાન યથાવત છે. બજારમાં મળતી અવનવી ફેન્સી રાખડીઓમાં સૌથી વધુ રૂ. ૪૦ થી ૫૦ની રેન્જની રાખડીનું વેચાણ વધુ છે. રક્ષાબંધનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પોતાના ભાઈ માટે રાખડી ખરીદતી મહિલાઓ બજારમાં નજરે પડે છે.

**ભાઈ બહેનના પ્રેમના પ્રતિક સમા રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બજારો અવનવી રંગબેરંગી રાખડીઓથી ઉભરાઈ રહ્યા છે, ૧૦ રૂ.થી લઈને ૧૦૦૦ રૂ. સુધીની જાતભાતની રાખડીઓ વેચાઈ રહી છે, બાળકોને પ્રિય હોય એવી કાર્ટુન કેરેકટરવાળી અને ટ્રેડીશનલ રાખડીઓનું વેચાણ સૌથી વધુ છે**



(તસવીર : નિકેશ બારોટ)

## હીરામણી કેમ્પસમાં આજથી વિજ્ઞાન મેળો

ગાંધીનગર, તા.૧૯

જનસહાયક ટ્રસ્ટ સંચાલિત હીરામણી શાળા છેલ્લા ૩ વર્ષથી ઈન્ટર સ્કુલ, સાયન્સ રેજયુવેનેટ/વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરે છે. તે મુજબ ચાલુ વર્ષે તા. ૨૦-૨૧ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ હીરામણી કેમ્પસમાં આવેલ હીરામણી સાંધ્યજીવન કુટિરના નટરાજ હોલમાં વિજ્ઞાનમેળાનું આયોજન કરેલ છે. જેમાં અમદાવાદની પ્રતિષ્ઠિત પસંદગીપાત્ર અંગ્રેજી માધ્યમની ૨૨ શાળાઓ તથા ગુજરાતી માધ્યમની ૧૧ શાળાઓ ભાગ લેવાની છે. દરેક શાળા વિજ્ઞાનના ૨ પ્રોજેકટસ લઈને આવશે આમ કુલ ૩૩ શાળાઓ ૬૬ વિજ્ઞાન મોડેલ્સ લઈને આવશે.

આ વિજ્ઞાન મેળાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષે જાગૃતિ લાવવાનો છે. તા. ૨૦-૮-૨૦૧૫ના રોજ સવારે ૯.૩૦ વાગે વિજ્ઞાન પ્રદર્શનનું ઉદઘાટન ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ માન.શ્રી ડૉ. અનામિકભાઈ શાહના વરદહસ્તે કરવામાં આવશે. તા. ૨૦ અને ૨૧ના રોજ સવારના ૯.૩૦થી બપોરના ૩.૩૦ સુધી આ વિજ્ઞાનમેળો વિદ્યાર્થીઓ માટે ખુલ્લો રહેશે.

બે દિવસ દરમિયાન ચાલનાર આ વિજ્ઞાન મેળામાં તા. ૨૧-૮-૨૦૧૫ના રોજ બપોરે ૧૧.૩૦ વાગે જજ તરીકે નિમાયેલા ગુજરાત યુનિવર્સિટીના સ્કુલ ઓફ સાયન્સ, ભૌતિક શાસ્ત્રના અધ્યાપક ડૉ. પી.એન. ગજ્જર અને રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. કે.એન. ચીખલીયા દ્વારા મૂલ્યાંકન કરીને પ્રથમ, દ્વિતીય, તૃતીય તેમજ આશ્વાસન ઈનામો અને સર્ટીફીકેટ જનસહાયક ટ્રસ્ટ સંચાલિત હીરામણી સ્કુલ દ્વારા એનાયત કરવામાં આવનાર છે.

## ચિરવિદાય

- સ્વ. મહાશંકર ભવાનીશંકર પંડયા, ઉ.વ. ૮૧, સી-૧, કિર્તિધામ સોસાયટી-૩, વાવોલ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. રાધીકા જોગીંદર રાજપૂત, ઉ.વ.૨૪, સે-૧૪, ગોકુલપુરા છાપરા, ગાંધીનગર.